શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ • અંક : ૫
મે : ૨૦૨૩



શ્રી રાધારમણ આદિ દેવોના ૧૯૫ માં પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા ફલકૂટ-અન્નકૂટ દર્શન, જૂનાગઢ

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં આયોજિત સ્મૃતિ મહોત્સવ ઉપક્મે વ્યાખ્યાનમાળા

SGVP ગુરુકુલ પરિવાર ખાખરિયા-ઝાલાવાડ દ્વારા આયોજિત વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત સંતો-ભક્તો, અમદાવાદ

વિરપુર ગામે પંચવાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીઘનશ્યામ મહારાજ પુજન તથા કથાશ્રવણ કરાવતા પૂજ્ય સ્વામીજી

ઉનાળાની ઘગઘગતી ધરતી ઉપર ઉઘાડા પગે ડગલા માંડતા દરિદ્રનારાયણને SGVP ગુરુકુલ પરિવાર દ્વારા અમદાવાદ, રાજકોટ, દ્રોણેશ્વર વિસ્તારમાં દસ હજાર ઉપરાંત ચંપલની જોડીઓનું વિતરણ કરાયું.

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: પ્રેરણા :

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૫, મે : ૨૦૨૩, અંક : ૦૫

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : ઈ ૧૧૦/-

વ્હાલા દવલાં મેલો સંતો....

વ્હાલા દવલાં મેલો સંતો,વ્હાલા દવલાં મેલો
સાધુને મન સૌ સરખા છે, શું ડાહ્યો શું ઘેલો... વ્હાલા દવલા...
વરણજાતનાં વાડાં વીસરી વાદળ વરસે સઘળે
ભોટ ચતુર સૌ ભરયોમાસે એક જ સરખા પલળે
સૌના ઉપર સરખા વરસો, શું પ્હેલો શું છેલ્લો...વ્હાલા દવલાં...
અવની આખીને અજવાળે એક જ સરખા તાપે
સુરજ કોઈદી ભેદ કરીને ઓછું અદકું આપે ?
સૌના માથે સરખા તપજો, શું અઘરો શું સહેલો... વ્હાલા દવલાં...
સમરસતા સમભાવ ધરીને, ખળખળ વ્હેતી ધારા
રાગદ્વેષ ના હોય નદીને, ના હોય મારાં તારાં
સૌના માટે સરખા વ્હેજો, શું મોડો શું વ્હેલો... વ્હાલા દવલાં...
ભગત હોય કે હો ભારાડી, ધારણ કરતી ધરતી
પર્વત,પાણી, રણ ને જંગલ, સૂત ગણી સંઘરતી
સૌને દીલમાં સરખા ધરજો, શું સુઘડ શું મેલો... વ્હાલા દવલાં...
ઉપવન હો કે હો ઊકરડો, વાયુ સરખો વાતો
ગંધ ભલે હો સારી-નરસી, એક જ સરખો નાતો
સૌના કાજે સરખા વાજો, ડેલી હો કે ડેલો
વ્હાલાં દવલાં મેલો સંતો, વ્હાલાં દવલાં મેલો.

- સ્વામી માધવપ્રિયદાસ

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

જગત સત્ય કે અસત્ય ?

- સ્વામી માધવપ્રિયદાસ

શાસ્ત્રોમાં સગુણ-નિર્ગુણ, સાકાર-નિરાકાર વચ્ચે જેવો વિરોધાભાસ છે એવો જ એક બીજો વિરોધાભાસ છે.

કોઈ જગતને સત્ય કહે છે, કોઈ અસત્ય કહે છે.

શાંકરવેદાંતનું પ્રસિદ્ધ સૂત્ર છે, ''બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા।'' જેનો અર્થ છે, 'બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે.' પરંતુ શંકરાચાર્યજી સિવાયના અન્ય આચાર્યો એ સ્વીકારતા નથી.

''બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા''નો કંઈક જુદો જ મર્મ સમજાવતા ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, ''પરમેશ્વરને ભજીને થયા જે મુક્ત તેના બે ભેદ છે. જેમ મેરુ પર્વત ઉપર ઊભા જે પુરુષ તે જે તે મેરુ થકી ઓરા જે સર્વે પર્વત તથા સર્વ વૃક્ષ તથા તે પર્વત-વૃક્ષનું આધાર પૃથ્વીનું તળ તે સર્વેને પૃથક પૃથક પણે દેખે છે. તેમ સવિકલ્પ સમાધિવાળા જે જ્ઞાની મુક્ત તે જેતે જીવ, ઈશ્વર, માયા તથા તે સર્વનું આધાર જે બ્રહ્મ તે સર્વને પૃથક પૃથક પણે દેખે છે.''

''અને વળી જેમ લોકાલોક પર્વત ઉપર ઊભા જે પુરુષ તે જે તે તે લોકાલોક પર્વતથી ઓરા જે પર્વત તથા વૃક્ષ તે સર્વને એક પૃથ્વીરૂપે જ દેખે છે પણ પૃથક પૃથકપણે નથી દેખતા. તેમ જે નિર્વિકલ્પ સમાધિવાળા જે મહામુક્ત તે જે તે જીવ, ઈશ્વર અને માયા તેને એક બ્રહ્મરૂપે કરીને જ દેખે છે પણ પૃથકપણે નથી દેખતા. એવી રીતે બે પ્રકારની સ્થિતિવાળા મુક્ત છે તેની સ્થિતિને યોગે કરીને એ સર્વેનું સત્યપણું અને અસત્યપણું કહેવાય છે.''

''અને સવિકલ્પ સ્થિતિવાળાનાં વચન વેદ, શાસ્ત્ર, પુરાણાદિકમાં આવે છે તે એ સર્વેને સત્ય કહે છે અને નિર્વિકલ્પ સ્થિતિવાળાનાં જે વચન તે એ સર્વેને અસત્ય કહે છે પણ કાંઈ એ સર્વે અસત્ય નથી, એ તો એને નિર્વિકલ્પ સ્થિતિને બળે કરીને દેખાતાં નથી માટે અસત્ય કહે છે.''

''અને વળી જેમ સૂર્યના રથમાં જે બેઠા હોય તેને રાત નથી પણ જે પૃથ્વી ઉપર રહ્યા છે તેને રાત્રિ-દિવસ છે, તેમ નિર્વિકલ્પ સ્થિતિવાળાને મતે એ સર્વે છે નહિ પણ બીજાને મતે તો એ સર્વે છે.'' (વચ.ગ.પ્ર.૩૯)

''વળી જેમ કોઈ મોટું વહાણ હોય અને તે વહાણ મહાસમુદ્રને વિષે એક વર્ષ સુધી ચાલ્યું જાય છે, તેને આગલો કાંઠો પણ દેખ્યામાં આવે નહિ અને પાછલો કાંઠો પણ દેખ્યામાં આવે નહિ, અને તે બે કાંઠા ઉપર જે મોટા મોટા પર્વત તે પણ દેખ્યામાં આવે નહિ, તો ઝાડવાં તથા મનુષ્ય તે તો ક્યાંથી દેખ્યામાં આવે ? અને જ્યાં દેખે ત્યાં એકલું જળ જ દેખાય પણ જળ વિના બીજો કોઈ આકાર દેખ્યામાં આવે નહીં અને ઊંચુ જુવે તો મોટી મોટી સમુદ્રની લહેર્યું ઊઠતી હોય માટે ઊંચુ પણ જળ જ જણાય. ત્યારે તે વહાણને વિષે બેઠા એવા જે પુરુષ તે એમ કહે જે, ''એકલું જળ જ છે, બીજું કાંઈ નથી.'' એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે, જેને બ્રહ્મસ્વરૂપને વિષે નિર્વિકલ્પ સ્થિતિ થઈ હોય તે એમ બોલે જે, 'એક બ્રહ્મ જ છે અને તે વિના બીજું જે જીવ, ઈશ્વર અને માયા એ આદિક સર્વે તે મિથ્યા છે.''

(વચ.ગ.પ્ર.૪૨)

''અને શંકરાચાર્યે તો જીવના હૈયામાં નાસ્તિકપણું આવી જાય તેની બીકે કરીને 'ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મૂઢમતે !' એ આદિક ઘણાંક વિષ્ણુનાં સ્તોત્ર કર્યાં છે તથા શિવજી તથા ગણપતિ તથા સૂર્ય એ આદિક ઘણાંક દેવતા તેનાં સ્તોત્ર કર્યાં છે, જેને સાંભળીને સર્વે દેવતા સત્ય ભાસે એવો આશય જાણીને શંકરાચાર્યે સર્વે દેવતાનાં સ્તોત્ર કર્યાં છે.'' (વચ.ગ.પ્ર.૪૨)

અહીં નવાઈની વાત એ છે કે, ભગવત્પાદ્ શંકરાચાર્યજી નિર્ગુણ-નિરાકાર પરંપરાના વાહક છે. ભગવાન શ્રીસ્વામિનારાયણ સગુણ-સાકાર પરંપરાના વાહક છે. દાર્શનિક દૃષ્ટિએ બન્ને વચ્ચે મતભેદ હોવા છતાં ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં શંકરાચાર્યજી પ્રત્યે ભારે આદર વ્યક્ત કર્યો છે અને એમનાં વચનોનો મર્મ સ્થિતિના ભેદથી સારી રીતે સમજાવ્યો છે.

અહીં ભગવાન શ્રીસ્વામિનારાયણની સંવાદિતાનાં દર્શન થાય છે.

વચનામૃતમાં સાધન પ્રકરણ

શાસ્ત્રોમાં પ્રમાણ, પ્રમેય પછી મહત્ત્વનું પ્રકરણ છે સાધન પ્રકરણ.

અધ્યાત્મ માર્ગે પ્રમાણ-પ્રમેયનું જ્ઞાન જરૂરી છે, પરંતુ શ્રેષ્ઠ પ્રમેયરૂપ પરમાત્માની કૃપા પ્રાપ્ત કરવી એ વિશેષ જરૂરી છે. શાસ્ત્રોની કોરી ચર્ચાથી કાંઈ વળતું નથી, પરમતત્ત્વની અનુભૂતિ મહત્ત્વની છે.

માનવજીવનનું શ્રેષ્ઠ લક્ષ્ય આત્યંતિક કલ્યાણ છે.

આવું આત્યંતિક કલ્યાણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની કૃપાથી જ થાય છે. એ કૃપાની પ્રાપ્તિ માટે શાસ્ત્રોએ કેટલાંક સાધનો બતાવ્યાં છે.

શ્રીમદ્ ભાગવતજીના એકાદશ સ્કન્ધમાં યોગેશ્વરોએ મહારાજ જનકને અને ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને ભગવત્કૃપાની પ્રાપ્તિનાં સાધનરૂપ ભાગવત ધર્મનો ઉપદેશ કરેલો છે.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભગવાનની એકાંતિકી ભક્તિ કરવી એને ભાગવત ધર્મ અથવા તો એકાંતિક ધર્મ કહેવામાં આવે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આ ચાર સાધનોની સુંદર વ્યાખ્યા કરી છે,

ધર્મો જ્ઞેયઃ સદાચારઃ શ્રુતિસ્મૃત્યુપપાદિતઃ ।
માહાત્મ્યજ્ઞાનયુગ્ભૂરિસ્નેહો ભક્તિશ્ચ માધવે ॥
વૈરાગ્યં જ્ઞેયમપ્રીતિઃ શ્રીકૃષ્ણેતરવસ્તુષુ ।
જ્ઞાનં ચ જીવમાયેશરૂપાણાં સુષ્ઠુ વેદનમ્ ॥ ૧૦૩-૪

'શ્રુતિ-સ્મૃતિ પ્રતિપાદિત સદાચારને ધર્મ જાણવો.'

'શ્રીકૃષ્ણ ભગવાનને વિષે મહાત્મ્યજ્ઞાને સહિત અત્યંત સ્નેહને ભક્તિ જાણવી.'

'શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહીં તે વૈરાગ્ય જાણવો.'

'જીવ, ઈશ્વર અને માયાનાં સ્વરૂપને રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ.'

ભગવાન શ્રીસ્વામિનારાયણનું અવતરણ પણ ભાગવત ધર્મના રક્ષણ, પોષણ અને પ્રવર્તન માટે હતું.

ભગવાન શ્રીસ્વામિનારાયણે અનેક વચનામૃતોમાં આ ચાર સાધનોનું અત્યંત સુંદર નિરુપણ કરેલું છે.

આ ચાર સાધનોમાં પણ ભક્તિ મુખ્ય હોવાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિ એવો ઉલ્લેખ વચનામૃતો અને અન્ય સત્શાસ્ત્રોમાં જોવા મળે છે.

ચારેય સાધનોમાં ભક્તિ મુખ્ય છે, અન્ય ત્રણ સાધનો ભક્તિના અંગભૂત છે.

સાધનોની પરસ્પર અપેક્ષા

ભારતીય સંપ્રદાયોમાં ક્યાંક ધર્મ, ક્યાંક જ્ઞાન, ક્યાંક વૈરાગ્ય, ક્યાંક માત્ર ભક્તિની પ્રધાનતા છે.

ભગવત્ કૃપાની પ્રાપ્તિ માત્ર ધર્માદિક ત્રણથી નહિ, પરંતુ આ ત્રણ સાધનોએ સહિત ભક્તિથી જ સંભવે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે જે રીતે વિવિધ દર્શનધારાનો સંગમ કર્યો છે, એ જ રીતે ચારેય સાધનોનો પણ સમન્વય કર્યો છે.

અહીં એક સાધનવિવેક સમજવા જેવો છે. સિદ્ધ દશામાં માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિમાં અન્ય સાધનોનો સહજ સમાવેશ થઈ જાય છે, પરંતુ સાધન દશામાં ચારેય સાધનોની પરસ્પર અપેક્ષા રહે છે.

આ વાત સમજાવતા ભગવાન શ્રીસ્વામિનારાયણ ગ.પ્ર.૧૯ માં વચનામૃતમાં કહે છે કે,

"આત્યંતિક કલ્યાણ ઇચ્છતો હોય એવો જે ભક્તજન તેને એકલી આત્મનિષ્ઠા, એકલી ભક્તિ, એકલો વૈરાગ્ય કે એકલા સ્વધર્મથી કાર્ય સરતું નથી, માટે મુમુક્ષુએ એ ચારેય ગુણ સિદ્ધ કરવા."

"આત્મનિષ્ઠા હોય અને ભક્તિ ન હોય, તો એ ભક્ત માયાના ગુણોનો પરાભવ કરવાનું સામર્થ્ય પામી શકતો નથી."

"ભક્તિ હોય અને આત્મનિષ્ઠા ન હોય, તો અહંકાર વધે છે અને ભક્તિ સિદ્ધ થતી નથી."

"ભક્તિ અને આત્મનિષ્ઠા બન્ને હોય, પણ વૈરાગ્ય ન હોય તો માયાના વિષયોમાં આસક્તિ થયા વગર રહેતી નથી."

"વૈરાગ્ય હોય પણ ભક્તિ અને આત્મનિષ્ઠા ન હોય, તો પરમાત્માનાં સ્વરૂપનો પરમાનંદ પ્રાપ્ત થતો નથી."

"ધર્મ હોય અને ઉપરનાં ત્રણેય સાધન ન હોય તો સ્વર્ગાદિકનું સુખ મળે છે, પરંતુ માયાથી પર અક્ષરધામની પ્રાપ્તિ થતી નથી."

"ઉપરનાં ત્રણેય સાધન હોય પણ ધર્મ ન હોય તો વાડ્ય વિનાના છોડને પશુ ખાઈ જાય અને છોડ વૃદ્ધિ ન પામે એ રીતે ધર્મની વાડ્ય વિના આત્મનિષ્ઠા, ભક્તિ કે વૈરાગ્યની વૃદ્ધિ થતી નથી."

"ફૂટલા ઘડામાંથી પાણી સ્રવી જાય, એમ ધર્મભ્રષ્ટ જીવનમાંથી ભક્તિ વગેરે સદ્ગુણો સ્રવી જાય છે."

અનુસંધાન પેજ નં. ૮ ઉપર

સુભાષિત બોધ

પ્રભો ! સદ્‌વિદ્યાના અમર હૃદય સંસ્કાર કરજો

- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

સરળ ગુજરાતી ભાષામાં રચાયેલું આ અષ્ટક ઘણા સંસ્કૃત સુભાષિતોનું જ ભાષાંતર છે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

ગુરુકુલ પરંપરાના અર્વાચીન જ્યોતિર્ધર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના કૃપાપાત્ર અને પરમ સ્નેહી કવિવર શ્રી ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસ રચિત આ પ્રાર્થના ગુરુકુલમાં વિદ્યાર્થીઓ દરરોજ સવારે આરતી પૂર્ણ થયા પછી ગાન કરતા હોય ત્યારે પ્રાતઃકાલીન વાતાવરણમાં ભક્તિસભર સુગંધ પ્રસરી રહે છે.

આ પ્રાર્થના શીખવી અને ગાન કરવી એ એક ધાર્મિક સંસ્કાર છે. વિદ્યાર્થીનાં કુમળા માનસ પર આ વિશ્વના કર્તા-હર્તા પરમાત્મા વિશે આસ્તિક ભાવની નિષ્ઠા પ્રગટે એ માટે આવી પ્રાર્થનાઓ ખૂબ જ ઉપયોગી પુરવાર થયેલી છે.

પ્રાર્થનાના શબ્દો ખૂબ જ સરળ છે, પરંતુ પ્રાર્થનાના શબ્દના અર્થ ખૂબ જ ગહન છે. શિખરિણી છંદમાં રચાયેલી આ પ્રાર્થના ગાઈએ અથવા સાંભળીએ ત્યારે હૃદયમાં અવનવા ભાવો પ્રગટી રહે છે.

વિદ્યાર્થીના જીવનમાં રાષ્ટ્રભક્તિ જાગૃત કરવા માટે જેમ રાષ્ટ્રગીત ગવાય છે, તેમ ગુરુકુલોમાં આવી પ્રાર્થના દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં ભગવદ્‌ભક્તિના સંસ્કારોનું સિંચન થાય છે.

જીવના હૃદયમાં રહેલી શ્રદ્ધાને જગાડવી એ સદ્‌વિદ્યાનો પ્રથમ સંસ્કાર છે. શ્રદ્ધા નામની અલૌકિક આધ્યાત્મિક શક્તિ પ્રત્યેક જીવાત્મામાં સુષુપ્ત રીતે પડેલી હોય છે. બાળપણમાં જ જો આ શ્રદ્ધાને જાગૃત કરી શકાય તો વ્યક્તિનું જીવન સમગ્ર રીતે સકારાત્મક બની રહે છે.

सत्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषः यो यत् श्रद्धः स एव सः ॥

ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં અર્જુનને ઉદ્દેશીને કહે છે કે, "હે ભારત ! બધા મનુષ્યની શ્રદ્ધા તેના (સત્વાનુરુપા)અંતઃકરણને અનુરૂપ હોય છે. આ પુરુષ (આત્મા) શ્રદ્ધામય છે, એટલા માટે જે પુરુષ જેવી શ્રદ્ધા ધરાવે છે એ પોતે એવો જ બની રહે છે, અર્થાત્ શ્રદ્ધા એ જ મનુષ્ય જીવનનો આધાર છે."

શ્રદ્ધા એટલે આત્મામાં રહેલું સહજ જ્ઞાન, કોઈ તથ્યને સાબિત કરવા માટે જ્યારે કોઈ પ્રત્યક્ષ પ્રમાણ ન મળે છતાં પણ આંતરિક અનુભવને આધારે આ જ સાચું છે, એવી ધારણાશક્તિને શ્રદ્ધા કહેવાય છે.

વેદમાં આ શ્રદ્ધાને દેવીનું સ્વરૂપ માનીને તેની સ્તુતિ કરવામાં આવેલ છે, જે શ્રદ્ધા સૂક્ત તરીકે પ્રસિદ્ધ છે. જે મંત્ર સ્વરૂપો ઋષિમુનિઓના અંતરમાં પ્રગટ થયેલી છે.

श्रद्धयाग्नि समिध्यते,
श्रद्धया विन्दते हविः ।
श्रद्धां भगस्य मूर्धनि,
वचसा वेदयामसि ॥

'શ્રદ્ધાથી યજ્ઞનો અગ્નિ પ્રદીપ્ત થાય છે.'

'શ્રદ્ધાથી યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરાય છે.'

'શ્રદ્ધા બધા જ ઐશ્વર્યોમાં શ્રેષ્ઠ છે.'

એવી શ્રદ્ધાની અમે વાણી દ્વારા સ્તુતિ કરીએ છીએ.

આ સમગ્ર સૃષ્ટિના રચયિતા, પોષણ કરનારા અને સંહાર કરનારા કોઈ એક પરમાત્મા છે, એના અસ્તિત્વનો

જીવના અંતઃકરણમાં સ્વીકાર થઈ જાય એ જ શ્રદ્ધાનું પરમ ફળ છે, આસ્તિક ભાવ છે.

સામાન્ય રીતે ધર્મ ભગવાનની જ વાત કરે છે એમ સાંભળવા મળે છે, પરંતુ જ્યારે ધર્મ જીવનનો એક ભાગ બને ત્યારે એ સદાચાર રૂપે પ્રગટ થાય છે. જે સદાચારી છે એ જ ભગવાનના માર્ગનો યાત્રિક બની શકે છે. 'જે કોઈ એક પરમતત્વ પરમાત્મા છે, પરમેશ્વર છે એ જ આ સમગ્ર સૃષ્ટિના કર્તા-હર્તા અને પોષણકર્તા છે' એવો જીવના અંતરમાં વિશ્વાસ એનું જ નામ આસ્તિક ભાવ છે. સદ્‌વિદ્યાનો આ પ્રાથમિક સંસ્કાર છે.

ભૌતિક જગતમાં સુખ-સુવિધાઓ અને સગવડતાઓ વધ્યા પછી ભણતરનાં માધ્યમથી બૌદ્ધિક રીતે નાસ્તિક ભાવ ઘણો વધ્યો છે, તો પણ પરમાત્માની સૃષ્ટિમાં થતાં અનેક પરિવર્તનોને કારણે મનુષ્ય વામણો પુરવાર થાય છે. ત્યારે એ હતાશ થાય છે, આ હતાશામાંથી આસ્તિકબુદ્ધિનો માનવી ભક્તિભાવથી-શ્રદ્ધાભાવથી પરમશક્તિ પરમાત્માનો સ્વીકાર કરે છે. અર્થાત્ આસ્તિકભાવ પણ નાસ્તિક ભાવની સામે ટક્કર લેતો રહે છે.

જે જીવ આવો પરમાત્માનો મહિમા વિચારીને એનું શરણ સ્વીકારે છે તેના સર્વ સંકટોને નાશ કરનારા પણ એ જ પરમેશ્વર છે. એવા પરમપુરુષ ભગવાન સર્વના સ્વામી છે, માલિક છે અને શરણાગતના અંતરમાં રહેલ અનાદિ અજ્ઞાનરૂપ માયાનું અંધારું પણ એ જ દૂર કરનારા છે.

એવા ભગવાન શ્રી સ્વામિનારાયણને આપણે પ્રાર્થના કરીએ છીએ કે, હે પ્રભો ! અમારા હૃદયમાં એવા સત્સંગના સંસ્કારો પ્રગટાવો, અમને એવી બુદ્ધિ આપો, જેનાથી અમે આપને ઓળખી શકીએ, આપને પામી શકીએ.

જીવ અને જગદીશ વચ્ચે ખૂબ મોટો ભેદ છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

"કિયા જીવ કિયા જગદીશ, જાણો જુજવી એ જાત છે રે;
કિયા કીડી કરિ મેળાપ, ભેળું થાવા ભારે ભેદ છે રે.
કિયા પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયા જીવ જેને બહુ કેદ છે રે."

ભગવાનની મોટપ જીવ જાણી શકે તેવી એનામાં બુદ્ધિ નથી, છતાં પણ જેને સત્સંગ થાય છે એવા જીવ ભગવાનના મહિમાનું ગાન કરતા રહે છે. ભગવાનનો મહિમા એટલે ભગવાનની મહત્તા -મોટાઈ શાસ્ત્ર દ્વારા કે સંત દ્વારા સાંભળવામાં આવે ત્યારે જીવના હૃદયમાં પરમાત્મા પ્રત્યે અહોભાવ પ્રગટી જાય છે.

જ્યાં જ્યાં મોટપ છે, ત્યાં ત્યાં મર્યાદા છે અને ભય પણ છે. તેથી જ શ્રીમદ્ ભાગવતજીમાં ભગવાન કપિલજીએ માતા દેવહુતિને પોતાના સ્વરૂપનો મહિમા સમજાવતા ખૂબ સરળ રીતે જણાવ્યું છે કે...

मद्‌भयात् वाति वातोयं सूर्यस्तपति मद्‌भयात् ।
वर्षति इन्द्रः दहति अग्नि मृत्युश्चरति मद्‌भयात् ॥

'હે માતા ! મારા ભયથી આ પવન વાય છે, આ સૂર્ય મારા ભયથી તપે છે, ઇન્દ્ર મારા ભયથી વરસાદ વરસાવે છે, આ અગ્નિ મારા જ ભયથી બધું સળગાવે છે અને મારા ભયથી આ કાળસ્વરૂપ મૃત્યુ પણ સર્વત્ર વિચરણ કરે છે.'

આવો મહિમા ભયજનક તો લાગે, પરંતુ પ્રકૃતિના દૈવીતત્વો પણ જેના ભયથી પોતપોતાની ફરજ બજાવે છે અને એમાં ક્યારેય પણ ચૂંક થવા દેતા નથી. આવો મહિમા જીવને જ્યારે સમજાય છે ત્યારે જીવ પોતાના જીવનમાં પોતાની ફરજો બજાવવામાં આનંદ સાથે ભગવાનના મહિમાનું ગાન કરી શકે છે.

"તમારો ગાયે આ અણું અણું મહી સૃષ્ટિ મહિમા,
તમારી આત્મામાં વિલસી રહી છે દિવ્ય પ્રતિમા,
બધાં ઐશ્વર્યો તે જગતભરના આપ સરજો,
પ્રભો ! સદ્‌વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો..."

આ સૃષ્ટિના પ્રત્યેક અણુંમાં પરમાત્મા પોતાની અંતર્યામી શક્તિથી બિરાજમાન છે. એ જ પરમાત્મા પ્રત્યેક જીવાત્મામાં પણ કારણપણે અખંડ બિરાજે છે. આ સૃષ્ટિના તમામ ઐશ્વર્યો અને આશ્ચર્યો એક પરમાત્માનો વિલાસ છે, એક પરમાત્માનો જ આ આવિર્ભાવ છે. એવા મહિમાભાવ સાથે ભક્ત ભગવાનને ભાવપૂર્ણ હૃદયે પ્રાર્થે છે કે, હે પ્રભુ આપના મહિમાનો પાર તો વેદ પણ પામી શક્યા નથી; તો અમે ક્ષુદ્ર જીવ શું વિચારી શકીએ ? આપ જ અમારા પર કૃપા કરીને અમારા હૃદયમાં મહિમાસભર સંસ્કારોને સ્થિર કરો સ્થાપિત કરો.

સદ્‌વિદ્યાના સંસ્કાર એ જ સત્સંગના સંસ્કારો છે. સત્સંગમાં રુચિ થાય એટલે જીવમાં આપોઆપ સન્માર્ગે ચાલવાની વૃત્તિ વધે છે.

શ્રીજી મહારાજ કહે છે કે, જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિશે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિશે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રગટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.

આ જ બાબતને સુભાષિતકાર સમજાવે છે કે,

जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं,
मानोन्नतिम् दिशति पापमपाकरोति ।

चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथय किम् न करोति पुंसाम् ॥

સત્પુરુષોના સંગમાં આવવાથી જીવનમાં અનેક પ્રકારના સદ્‌ગુણો ખીલી ઊઠે છે. સૌપ્રથમ પાપ કરવાની વૃત્તિ ટળે છે. બુદ્ધિની જડતા નાશ પામે છે. વાણીમાં સત્યનિષ્ઠા પ્રગટ થાય છે. આદરભાવ પ્રાપ્ત થાય છે. મનમાં પ્રસન્નતા સાહજિક રીતે રહે છે. જનસમાજમાં કીર્તિ-પ્રતિષ્ઠા ફેલાય છે. આચાર-વિચારમાં જબરૂ પરિવર્તન આવે છે અને કલ્યાણના માર્ગે ચાલવાની મનોવૃત્તિ પ્રબળ બને છે. સંતોની સંગત મનુષ્યના જીવનમાં શું શું નથી કરી શકતી?

ગુરુકુલીય શિક્ષાનું આ ખૂબ જ મહાન જમાપાસું છે. માત્ર ભણતર નહીં, પરંતુ સદ્‌ગુણો સાથેનું જીવનઘડતર એ જ ગુરુકુલ શિક્ષણ પદ્ધતિનું પ્રદાન છે.

સત્સંગ અને કુસંગનો વિવેક સમજાય જાય તો વિદ્યાર્થી જીવનમાંથી જ ઉત્તમ જીવન ઘડતરનો લાભ મળી રહે છે.

અનુસંધાન પેજ નં. ૫ નું

ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃત ગ.મ. ૩૫માં ચાર સાધનની પરસ્પર અપેક્ષા સુંદર રીતે વર્ણવી છે. જેના ઉપસંહારમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે કે, "ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનનાં ચરિત્રને ગાતો-સાંભળતો હોય ને ભગવાનનું નામસ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઇચ્છે એવો જાણવો ને તેને ચંડાળ જેવો જાણવો. માટે એ ચાર વાનાંએ કરીને જ જીવનું કલ્યાણ જરૂર થાય છે."

"ભગવાનની મૂર્તિની ઉપાસના ને ભગવાનનાં ચરિત્ર ને ભગવાનનું નામસ્મરણ, એ ત્રણ વાના વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થવું એ તો તુંબડા બાંધીને સમુદ્ર તરવા જેવું કઠણ છે."

ભગવાન શ્રીસ્વામિનારાયણે આ રીતે ભાગવત ધર્મના સર્વ અંગોનો સામન્વય કર્યો છે, જે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની મુખ્ય વિશિષ્ટતા છે.

વચનામૃત તેમજ અન્ય વૈષ્ણવશાસ્ત્રોનો અભ્યાસ કરતા જણાય છે કે આ ચાર સાધનોની સાથે ઉપાસના, આશ્રય (શરણાગતિ) અને સત્સંગ આ ત્રણ સાધન ઉમેરવાં આવશ્યક છે.

આ રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિ, ઉપાસના, આશ્રય અને સત્સંગ આ સાત સાધનોથી ભગવત્કૃપાની પ્રાપ્તિ થાય છે.

'જેવો સંગ એવો રંગ' એ ઉક્તિને સમજવા માટે આ જગતની ભ્રમજાળ બરાબર જાણી લેવી જરૂરી છે. વ્યસનના સંગે વ્યસની બને અને સત્સંગીના સંગે સત્સંગી બને એવો માનવમનનો સ્વભાવ છે. એટલા માટે આ અષ્ટકના રચયિતા કવિ ત્રિભુવનભાઈ વ્યાસ કહે છે કે...

ન લોભાઉ બૂરી જગતગત જંજાળ ભરમાં,
ન લોપાઉ કચારે અસુરજન કેરી અસરમાં,
સદા એવું અંતઃકરણ દેઉ ને શુદ્ધ કરજો,
પ્રભો ! સદ્‌વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...

આપણી પ્રાર્થના આપણો પુરુષાર્થ બને તો જીવનમાં અપેક્ષિત બદલાવ આવે છે. પ્રાર્થનાથી હૃદયમાં સરળતા પ્રગટે છે, ભક્તિ ભાવ પ્રગટે છે અને પુરુષાર્થથી જીવનમાં દ્રઢતા અને આત્મવિશ્વાસ પ્રગટે છે. એટલા માટે પ્રાર્થનાની સાથે સાથે પુરુષાર્થ અનિવાર્ય છે. પુરુષાર્થ વિનાની પ્રાર્થના માત્ર શબ્દો બની રહે છે અને પુરુષાર્થ સાથેની પ્રાર્થના આપણું જીવન સાર્થક, ધન્ય અને દિવ્ય બનાવે છે.

ચંદ્રાવળા - ત્રિભુવનભાઈ વ્યાસ

સજ્જનતાની સુવાસ

'સુખડ સળગાવો વણ જોતી
આવે તોય સુગંધ,
કંચનને અગ્નિમાં તાવો -
તોય પ્રગટશે રંગ !
તોય પ્રગટશે રંગ ખચીત,
સજ્જનની પણ એવી જ રીત
કહે કોવિદરામ કરો કસોટી
સુખડ સળગાવો વણ જોતી
આવે તોય સુગંધ.

લાખ વિષધર ચંદનનાં વૃક્ષને લપેટીને રહે, છતાં ચંદન ક્યારેય પોતાની શીતળતા અને સુવાસ છોડતું નથી. ખુશ્બુદાર પુષ્પોને ઉકળતી કડાઈમાં ઉકાળો, તો પણ એ અત્તર બનીને સુવાસ પ્રસરાવે છે. સુખડનાં લાકડાંને સળગાવો, તો પણ એ સુગંધ આપે છે. સુવર્ણને અગ્નિમાં તપાવો એમ એ વધુને વધુ શુદ્ધ થતું જાય છે. હીરા ઉપર ગમે તેટલા પ્રહાર કરો, એમાં નિખાર આવતો જાય છે. એમ સજ્જન માણસ ઉપર જેમ જેમ દુઃખ પડે એમ એની સજ્જનતા વધતી જાય છે.

કોઈ પણ સત્પુરુષના જીવનમાં એક વાત સામાન્ય હોય છે કે, એમના ઉપર સંકટ વધતા ગયા એમ સજ્જનતાની સુવાસ વધુને વધુ પ્રગટતી જોવા મળી છે. દુર્જન ઉપર દુઃખ પડે ત્યારે દુર્ગંધ આવે અને સજ્જન ઉપર દુઃખ પડે ત્યારે સુગંધ પ્રસરે છે.

માનવા મુશ્કેલ સાચાં વિધાનો

- ભાણદેવજી

સાવ સાચી વાત હોય અને છતાં આપણે માની ન શકીએ, આપણાં ગળે ઊતરે જ નહીં; તેમ બની શકે ? હા, બની શકે અને અવશ્ય બની શકે. તો આપણે અહીં એવા વિધાનો કરવાં છે, જે પ્રથમ દૃષ્ટિએ તમે માની નહીં શકો. પરંતુ અમે તમને માનવા મુશ્કેલ લાગે તેવા સાચાં વિધાનોનો અર્થ બરાબર સમજાવીએ તો ? તો તમે કદાચ તે સાચાં વિધાનોની સચ્ચાઈ સમજી શકશો અને તો તમે આ માનવા મુશ્કેલ સાચા વિધાનોને સ્વીકારી શકશો.

તો ચાલો હવે આપણે આ માનવા મુશ્કેલ લાગે તેવાં સાચાં વિધાનોની સચ્ચાઈને સમજવાનો પ્રયત્ન કરીએ!

૧. સમયનું કોઈ અસ્તિત્વ નથી :

આપણો સમગ્ર વ્યવહાર સમયનો આધારે ચાલે છે. પિતા નોકરીએ જાય છે; બાળક શાળાએ જાય છે, મજૂર મજૂરી કરવા માટે જાય છે અને સાંજે સૌ પાછા ઘરે આવે છે, શું જોઈને ? સમય જોઈને ! ટ્રેન ચાલે છે, બસો ચાલે છે; આપણે સમયસર પહોંચવું પડે છે. આ બધું કેવી રીતે ગોઠવાય છે ? સમય જોઈને ! ટી.વી. પર કાર્યક્રમ જોવા છે. કયો કાર્યક્રમ કેટલા વાગ્યે આવશે ? આ બધું શું જોઈને ગોઠવાય છે ? સમય જોઈને !

આપ આપણો સમગ્ર વ્યવહાર સમય પ્રમાણે સમયને જોઈને ચાલે છે અને તમે કહો છો - "સમયનું કોઈ અસ્તિત્વ નથી."

આવું બેહૂદું વિધાન કરતાં તમે કાંઈ શરમ નથી આવતી ? કાંઈ સંકોચ થતો નથી ? ના, મને આ વિધાન કરતાં શરમ પણ આવતી નથી અને સંકોચ પણ થતો નથી; કારણ કે આ વિધાન સત્ય છે ! વ્યવહાર માટે સમય અનિવાર્ય છે અને છતાં સમયનું કોઈ અસ્તિત્વ નથી ! નથી! નથી!

સમય એટલે શું?

વૈજ્ઞાનિકો સમયની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે - **The time is the distance between two events.**

"સમય એટલે બે ઘટનાઓ વચ્ચેનું અંતર."

સવારે સૂર્ય ઊગે છે અને સાંજે સૂર્ય અસ્ત પામે છે. આ બે ઘટનાઓ વચ્ચેના અંતરને આપણે દિવસ કહીએ છીએ. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી આદિની ગતિને આધારે આપણે દિવસ, માસ, વર્ષ આદિ નિર્ધારિત કરીએ છીએ. આમ ઘટનાઓને આધારે આપણે સમયનું માપ કરીએ છીએ. પરંતુ કોઈ ઘટના હોય જ નહીં તો ? તો સમય ક્યાં છે ?

ઘડિયાળનો કાંટો ફરે છે; તે એક ઘટના છે, તેને આધારે આપણે કલાક, મિનિટ, સેકન્ડ આદિ સમયના પ્રમાણ નિર્ધારીત કરીએ છીએ. કોઈ ઘટના જ ન હોય તો ? તો સમય છે જ નહીં.

સમયનું કોઈ સ્થૂળ સ્વરૂપ નથી. સમયનું કોઈ સૂક્ષ્મ સ્વરૂપ નથી. સમય કોઈ તત્ત્વ નથી. હા, સમયનું કોઈ અસ્તિત્વ જ નથી.

૨. પ્રકાશ અદૃશ્ય છે :

પ્રકાશનો કોઈ જોઈ શકે નહીં; કોઈએ પ્રકાશને કદી જોયો નથી, કોઈ કદી જોઈ શકશે નહીં. કારણ કે પ્રકાશ અદૃશ્ય છે. સર્વથા અને સર્વદા અદૃશ્ય છે. પરંતુ સૂર્યોદય થાય અને પ્રકાશ ફેલાઈ જાય છે અને સાંજે સૂર્યાસ્ત થાય અને અંધકાર ફેલાઈ જાય છે. આપણે 'સ્વીચ ઓન' કરીએ અને કમરામાં પ્રકાશ ફેલાઈ જાય છે અને 'સ્વીચ ઓફ' કરીએ એટલે કમરામાં અંધકાર ફેલાઈ જાય છે. આમ પ્રકાશ

અને અંધકાર, બંને આપણે જોઈએ છીએ અને તમે કહો છો કે પ્રકાશ અદૃશ્ય છે તમને આવી બેહુદી વાતો કરવાની ટેવ પડી ગઈ છે !

ના, મારા ભાઈ ! હું બેહૂદી વાત નથી કરતો. હું સત્ય કહું છું - પ્રકાશ અદૃશ્ય છે અને અરે ! અંધકાર પણ અદૃશ્ય છે ! પરંતુ પ્રકાશ અને અંધકારની હાજરી તો અનુભવાય જ છે, તે કેવી રીતે ? તે પ્રકાશ અને અંધકારને જોઈને નહીં. તો કેવી રીતે ? પ્રકાશ હોય ત્યારે પ્રકાશની હાજરીથી આપણે અન્ય પદાર્થને જોઈ શકીએ છીએ, તેથી પ્રકાશ છે, તેમ આપણે જાણીએ છીએ. પ્રકાશ પોતે અદૃશ્ય છે અને પ્રકાશ પોતે અદૃશ્ય રહીને અન્ય પદાર્થોને દૃશ્યમાન કરી શકે છે, કરે છે તેથી આપણે પ્રકાશની હયાતીને જાણીએ છીએ; પ્રકાશને જોઈને નહીં. તે જ રીતે પ્રકાશ ન હોય અર્થાત્ અંધકાર હોય ત્યારે આપણે અન્ય પદાર્થને જોઈ શકતા નથી; તેથી આપણે અંધકાર છે, તેમ જાણીએ છીએ અને કહીએ છીએ.

આમ પ્રકાશ એક એવું તત્ત્વ છે, જેના થકી અન્ય પદાર્થોને જોઈ શકાય છે, પરંતુ પોતે તો અદૃશ્ય જ છે. પ્રકાશ પોતે અદૃશ્ય રહીને અન્ય પદાર્થોને દૃશ્યમાન બનાવે છે.

૩.અંધકારનું અસ્તિત્વ નથી :

અંધકાર એટલે શું ? અંધકાર એટલે પ્રકાશનો અભાવ! પ્રકાશનું અસ્તિત્વ છે. ભલે, પ્રકાશ અદૃશ્ય છે અનો છતાં પ્રકાશ એક વિધાયક તત્ત્વ છે. અંધકારનું કોઈ અસ્તિત્વ નથી; કારણ કે અંધકાર એટલે પ્રકાશનો અભાવ! પરંતુ આપણે અંધકાર જોઈએ છીએ તેનું શું ? ના, આપણે અંધકારને જોતા નથી. પ્રકાશ અભાવ હોય ત્યારે આપણે કાંઈ જોઈ શકતા નથી; તેથી આપણે કહીએ છીએ કે અંધકાર છે. વસ્તુતઃ અંધકાર છે - આ શબ્દપ્રયોગ અર્થહીન છે - સાચો શબ્દપ્રયોગ, આ પ્રમાણે છે - પ્રકાશનો અભાવ છે.

આમ અંધકાર અભાવાત્મક છે. પ્રકાશના અભાવને અપાયેલું નામ છે - અંધકાર !

આમ વસ્તુતઃ અંધકારનું કોઈ અસ્તિત્વ નથી. આપણો ઘણો વ્યવહાર આ પ્રકાશ અને અંધકારને આધારે ચાલે છે અને છતાં

(૧) પ્રકાશ એક વિધાયક તત્ત્વ છે, પરંતુ અદૃશ્ય છે.

(૨) પ્રકાશનો અભાવ છે, તે જ અંધકાર છે. તદ્નુસાર અંધકારનું કોઈ અસ્તિત્વ જ નથી અને અંધકાર અદૃશ્ય પણ છે. જેનું અસ્તિત્વ જ નથી, તે દૃશ્યમાન કેવી રીતે હોઈ શકે ?

૪. પદાર્થને પોતાનું કોઈ વજન નથી :

ના માની શકાય તેવી વાત છે ને ! હા, ન માની શકાય તેવી જ વાત છે. પરંતુ સત્ય છે - પદાર્થને પોતાનું કોઈ વજન નથી!

આપણે નિત્યજીવનનો વ્યવહાર પદાર્થના વજનને આધારે ચાલે છે. વેપારી પાસે ઘઉં, મગ, ચણા કે શાકભાજી ખરીદવા માટે જઈએ ત્યારે ખરીદ-વેચાણ વજનને આધારે જ થાય છે. અરે ! દર્દી ડૉક્ટર પાસે જાય છે, ત્યારે ડૉક્ટર પણ વજનકાંટો મૂકીને દર્દીનું વજન કરે છે. આપણો ઘણો વ્યવહાર આ વજનની માપણીને આધારે ચાલે છે અને તમે કહો છો કે પદાર્થને વજન જ નથી. આપણે દુકાનેથી ૨૦ કિ.ગ્રા. ઘઉં ખરીદીને લાવીએ છીએ તે ઘઉંને પોતાનું કોઈ વજન જ નથી ! તો ૨૦ કિ.ગ્રા.નો અર્થ શો છે ? આવી બેહૂદી વાત કરતાં તમને શરમ નથી આવતી ? ના, મને શરમ નથી આવતી, કારણ કે હું કોઈ બેહૂદી વાત કરતો નથી. હું સાચી અને સાવ સાચી વાત કરું છું કે પદાર્થને પોતાનું કોઈ વજન નથી !

પણ તો પછી પદાર્થનું વજન અનુભવાય છે કેમ ? ૨૦ કિ.ગ્રા. વજન માથા પર મૂકીએ તો વજન લાગે છે કેમ ? બજારમાંથી ભારે વજનદાર વસ્તુ ખરીદીએ તો ઉપાડી શકાય તેમ ન હોય ત્યારે રીક્ષા શા માટે કરવી પડે છે ?

પદાર્થને વજન નથી, છતાં વજન જણાય છે, તેનું કારણ પદાર્થનું પોતાનું વજન નથી, પરંતુ ગુરુત્વાકર્ષણ છે. ગુરુત્વાકર્ષણને લીધે પૃથ્વી પદાર્થને પોતાના તરફ ખેંચે છે, માટે પદાર્થ વજનદાર અનુભવાય છે.

પૃથ્વી પર કોઈ પદાર્થનું વજન એકસો કિ.ગ્રા. હોય અને તે જ પદાર્થનું વજન ચંદ્ર પર ૧૬.૫ કિ.ગ્રા. થાય છે, કારણ કે ચંદ્રનું ગુરુત્વાકર્ષણબળ પૃથ્વી કરતાં ઓછું છે અને તે જ પદાર્થનું વજન ગુરુ પર ૨૫૨.૮ કિ.ગ્રા. થાય છે; કારણ કે ગુરુનું ગુરુત્વાકર્ષણબળ પૃથ્વી કરતાં વધુ છે. આમ પદાર્થનું વજન ગુરુત્વાકર્ષણ નિર્ધારીત કરે છે. પદાર્થનું પોતાનું કોઈ વજન નથી. પદાર્થને અવકાશમાં એવા સ્થાને લઈ જાઓ, જ્યાં કોઈ ગુરુત્વાકર્ષણ જ નથી. તો ત્યાં પદાર્થનું વજન શૂન્ય જ થશે.

આમ સિદ્ધ થાય છે કે પદાર્થને પોતાનું કોઈ વજન નથી!

૫. દેડકાં ચાલી શકે નહીં :

દેડકો ગતિ તો કરે છે; એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે, પરંતુ દેડકો ચાલી શકે જ નહીં. તો દેડકો ગતિ કરી કેવી રીતે કરે છે ? દેડકો ચાલીને નહીં, પરંતુ કૂદીને ગતિ કરે છે.

ગતિ કરવાની પાંચ રીતો છે.

(૧) ચાલવું : માણસો, પશુઓ આદિ ચાલી શકે છે અને ચાલીને ગતિ કરી શકે છે.

(૨) દોડવું : માણસો, પશુઓ આદિ દોડી પણ શકે છે અને દોડીને પણ ગતિ કરી શકે છે.

(૩) ઉડવું : પક્ષીઓ, પતંગિયા આદિ ઉડી શકે છે અને ઉડીને ગતિ કરી શકે છે.

(૪) સરકવું : જમીન પર સરકીને ગતિ કરવી, તેને સરકવું કહે છે. સર્પ, અળસિયા આદિ જીવો સરકીને ગતિ કરી શકે છે.

(૫) કૂદવું : વાનર, માનવ આદિ કૂદી શકે છે. દેડકા પણ કૂદીને ગતિ કરે છે, ચાલીને નહીં. તદ્નુસાર દેડકાં ચાલી શકે નહીં.

૬. ટીડડું ઉડી શકે નહીં :

તીડ અને ટીડડું - આ બંને જુદાં જુદાં જંતુઓ છે. તીડ તો લાખોની સંખ્યામાં આવે છે, ઉડી શકે છે અને પાકનો નાશ કરી શકે છે. પરંતુ ટીડડું આપણાં ઘરોમાં પણ જોવા મળે છે અને કદમાં અડધા ઈંચથી પણ નાનું હોય છે.

આ ટીડડું ઉડી શકતું નથી; કારણ કે તેને પાંખો જ નથી. તો પણ ટીડડું ઉડતું હોય તેમ લાગે છે. આમ શા માટે લાગે છે ? ખરેખર તો ટીડડું લાંબો કૂદકો મારે છે, તેથી ઉડતું હોય તેવો આભાસ થાય છે. વસ્તુતઃ ટીડડું કૂદીને એક સ્થાનેથી બીજે સ્થાન જાય છે. તેના પગની રચના એવી છે કે તે પોતાના કદના પ્રમાણમાં ઘણો લાંબો કૂદકો મારે છે, તેથી ઉડતું હોય તેમ લાગે છે.

વસ્તુતઃ ટીડડું ઉડી શકે નહીં.

૭. પ્રકાશને વજન છે :



આમ જોઈએ તો આપણે હમણાં જ જોઈ ગયા તે પ્રમાણે કોઈ પદાર્થને વજન નથી. તદ્નુસાર પ્રકાશનો પણ વજન ન હોઈ શકે. આમ છતાં ગુરુત્વાકર્ષણને કારણે પદાર્થ વજન ધરાવે છે. આ અર્થમાં અર્થાત્ સર્વ પદાર્થોને જેમ વજન છે, તેમ પ્રકાશને વજન છે કે નહીં ? કોઈ પણ પદાર્થને દળ (Mass) હોય, એટલે તેના પર ગુરુત્વાકર્ષણની અસર થાય અને તો તે પદાર્થ વજન ધારણ કરે છે.

હવે પ્રશ્ન એ છે કે પ્રકાશને દળ (Mass) છે કે નહીં? હા, વિજ્ઞાન સ્પષ્ટતઃ કહે છે કે પ્રકાશને દળ (Mass) છે. જો દળ છે તો તેના પર પૃથ્વીના ગુરુત્વાકર્ષણની અસર થાય જ અને તો અન્ય પદાર્થોની જેમ પ્રકાશ પણ વજન ધારણ કરે છે. આ અર્થ કહી શકાય કે - "પ્રકાશને વજન છે."

ડોળાસામાં વર્ણીના પાવન પગલા

- કીર્તિભાઈ ઘોળકિયા

કુદરતે વન ઔષધિનો અખૂટ ખજાનો આપ્યો છે તે ગીર પંથકનું ડોળાસા નામનું ખોબલા જેવું ગામ. જ્યાં માણસો કરતાં સિંહની અને સિંહ કરતાં ભેંસોની વસ્તી વધારે છે. પ્રકૃતિના ખોળે નિર્ભયપણે વિહરતા પશુઓને જો મન ભરીને નિહાળવા હોય તો આ ગીર પંથક પશુઓ અને પક્ષીઓ માટે સ્વર્ગ સમાન છે. સ્વર્ગ કેવું હશે એ તો આપણને ખબર નથી, પરંતુ ગીરને જોઈને સ્વર્ગની કલ્પના કરી શકાય.

આ પ્રદેશમાં વસતી ભેંસો પણ એટલી નિર્ભય કે, સામે સિંહો વિચરતા હોય તેમ છતાં બિન્દાસપણે ચારો ચરતી હોય. એવી શુરવીર ભેંસોનું દૂધ જમીને ખડતલ બનેલા ઉદાર દિલવાળા આહિર-ભરવાડો તે પ્રદેશનું અનેરું ઘરેણું છે.

દિલ ખોલીને, અંતર ફાડીને, હૈયાના અદકેરા હેતથી મહેમાનગતિ કરતા એ વગડાના જાડા જણને જુઓ અને તેની મહેમાનગતિ માણો તો હૃદય એના પર ઓળઘોળ થયા વગર રહે નહીં. કલ્પના બહારની પરોણાગત, સ્વાર્થ વગરની પ્રીતિ, નિર્મળ સાદા જીવનને જોતા આંખો હેતથી ભીંજાયા વગર રહે નહીં. સમગ્ર અસ્તિત્વ તેના પર વારી જાય. મહેમાનોને જોઈ ગાંડાઘેલા થઈ જનારા અને તેના પર ઓળઘોળ થનારા એ આહિરો ભલે ભેંસોના શેઢકઢા દૂધ પીને જીવતા હોય પણ તેમનું ઉદાર દિલ હૃદયને સ્પર્શ્યા વગર ન રહે.

એટલે જ લોકસાહિત્યમાં બહુ પ્રચલિત દુહો છે.

કાઠિયાવાડમાં કો'ક દિ,
તું ભુલો રે પડ ભગવાન,
કે'દિ થાજે મારો મોંઘેરો મહેમાન,
તને સ્વર્ગ રે ભૂલાવું શ્યામળા !

એટલે તો શ્રીજી મહારાજ સમગ્ર દેશમાં વિચરણ કરીને સ્થિર થયા ગુજરાતમાં - કાઠિયાવાડમાં. અહીંના લોકોની પ્રેમાળ રખાવટ અને ભક્તિ જોઈને એ માલધારી લોકોના પ્રેમને વશ થઈ પ્રભુએ તેમની કલ્યાણયાત્રા ડોળાસા સુધી લંબાવી.

ગીર પંથકનું લીલુંછમ્મ, સોહામણું, મનોહર ગામ ડોળાસા. કુદરતી સૌંદર્યથી ઘેરાયેલું અને મધમીઠા માનવીની પરોપકારી ભાવનાની સુગંધથી મઘમઘતા એ ડોળાસા ગામની શોભારૂપ એક ઉદારદિલ માનવી ત્યાં વસતો હતો. મહેમાનોને જોઈને ટુકટુક થનારો ને છાશું પાયા વગર ઉંબરો ન વટવા દેનારા એ મોંઘેલા માનવીનું નામ પણ તેના ભાવ જેવું હતું. 'ભલો ભરવાડ'.

નામ પ્રમાણે ગુણ ધરાવનારો એ મુઠી ઉંચેરો માનવી ભલે અઢળક સમૃદ્ધિનો માલિક ન હતો, પણ તેનું દિલ ખોબલે ને ખોબલે ભરાય તેટલું પ્રેમાળ હતું. મહેમાનો માટે પોતાનો પ્રાણ પાથરી દેનાર એ ગીર પંથકના ભલા ભોળા માનવીની ગજબની પરોણાગત અને તેના પૂર્વના સત્કાર્યોની સુવાસથી સ્વયં પરમાત્મા તેની પાસે ખેંચાઈને આવ્યા.

તેની પરોણાગત માણવા... તેનો પ્રેમ પીવા... તેનું કલ્યાણ કરવા !

'ભલા' પાસે પૈસા ન હતા પણ પ્રેમ હતો. ગીર પંથકમાં આજુબાજુના યાત્રાના સ્થળોએ જતાં ભાવિક યાત્રુઓ ત્યાંથી પસાર થતા ત્યારે ભલો ત્યાં 'પાણીનો લોટો' લઈને ઉભો રહેતો. પોતાના ઘરે ભાવથી તેડી જઈને તેની ઉદરતૃપ્તિ કરતો, તેના પગ ચાંપતો, તેની ભાવથી સેવા કરતો. મારા ઘરે સાક્ષાત પ્રભુ આવ્યા હોય તેવા હેતથી તે સેવા કરતો. એટલે તો પ્રભુને તેનું તપ જોઈને, ભાવ જોઈને આવવું પડ્યું. ભલાના સદાવ્રતને સાર્થક કરવા અને એ જીવનું પરમ કલ્યાણ કરવા પ્રભુ તેનાં આંગણે પધાર્યાં.

ભલો તો આ તેજસ્વી મૂર્તિને જોઈને ઘેલોઘેલો થઈ ગયો. પંચાંગ

પ્રણામ કરતો, નયનોમાં નીર લાવી અસ્પષ્ટ શબ્દોથી નવાજતો એ ભાવઘેલો ભલો બે હાથ જોડી ઉભો રહ્યો. પ્રભુએ પોતાના નિત્ય મોહક મલકાટથી કરૂણાસભર નેત્રે તેને નવાજ્યો. પ્રેમી હોય તે જ પ્રેમની ભાષા સમજી શકે. બંને જાણે જન્મોજનમથી જાણતા હોય તેમ અનિમેષ નજરે જોઈ રહ્યા. ભલાને થયું તો ખરું કે, હું યાત્રાળુને ભગવાનનું સ્વરૂપ માની સેવા કરું છું. તે આજ ભગવાન થઈને મારા ઘરે નથી પધાર્યા ને ? તેનું દિલ ડોલી ઊઠ્યું. પણ બુદ્ધિએ તેને રોક્યો કે, આવા સુકલકડી ભગવાન થોડા હોય ? શંખ-ચક્ર ધારી જ ભગવાન હોય ને ? છતાં તેનો ભાવ જરાય ઓછો ન થયો. તેણે ભાવથી પ્રભુની પરોણાગત કરી. તેના ચરણ પખાળ્યા. સાંજે રોટલો અને શેઢકઢા દૂધનું વાળું કરાવ્યું. રાત્રે સૂવા માટે સાદા ગોદડાની પથારી કરી આપી. પણ ભલાનું મન આજ વિચારોના વમળમાં ફસાયેલું હતું. તેની આંખ સામેથી પ્રભુની એ મૂર્તિ ખસતી ન હતી. તે વારે વારે સંભાર્યા કરતો હતો.

ભલાના એ 'ભાવઆશ્રમ'માં તે સમયે એક બાવાજી પણ આવેલા. આ બાવાજી નિર્વ્યસની હતા. હાથમાં એકાવન પારાની કાષ્ટની માળા ફેરવતા. કપાળ ઉપર પ્રભુ રામનું તિલક નાકના અંતથી કપાળના અંત સુધી ફેલાયેલું હતું. તેજસ્વી આંખોમાં પ્રભુ શ્રીરામની અનન્ય ભક્તિ ડોકિયા કરતી હતી. મુખેથી સતત રામનું ઉચ્ચારણ કરતા હતા.

સિયારામ મય સુખ જગ જાની,

કરુ હું પ્રણામ જોરી જુગ પાની....!

પણ, એ બાવાજીની ભક્તિ પતિવ્રતાની ભક્તિ હતી. પોતે પ્રખર રામઉપાસી હતા.

ભલાએ બાવાજી અને વર્ણી માટે એક કોથળો પાથરી દીધો. બાવાજીએ રામાયણની ચોપાઈ ગાઈ, તેના વિષદ અર્થો કર્યા. તો પ્રભુએ પ્રભુ રામની પિતા પ્રત્યેની ભક્તિ, લક્ષ્મણજીનો ભાતૃભાવ, સીતાજીની પ્રભુ રામ પ્રત્યેના પ્રેમભાવની વાતો કરી.

બાવાજીને થયું તો ખરું કે, આ વર્ણી રામના ઉપાસક તો નથી લાગતા. છતાં રામાયણના પ્રખર મર્મજ્ઞ હોય તેમ ભક્તિના ભેદ વિષે ચર્ચા કરે છે. રામાયણના ગુઢાર્થ કરે છે. આ મારા કરતાં વધારે શાસ્ત્રવેત્તા લાગે છે. છતાં તે પોતાના પંથના નથી તેથી તેણે વધારે પૃછા ન કરી.

ભલો પણ મૂઢ અને ભક્તિ ભાવથી બંનેની જ્ઞાનગોષ્ઠિ સાંભળતો રહ્યો. મનમાં ગાતો રહ્યો કે, મારા આંગણે આ બે દિવ્ય મહાપુરુષ પધાર્યા છે. મારું આગણું પવિત્ર થયું છે. મારો દાખડો સફળ થયો છે.

જ્યાં જ્યાં સદાવ્રતની નિઃસ્વાર્થ પ્રવૃત્તિ ચાલતી હશે, અન્નદાન થતું હશે, ભાવથી સેવા થતી હશે ત્યાં પ્રભુ ખેંચાઈને જરૂર પધારે છે. સૌરાષ્ટ્રમાં જેટલા આવા સદાવ્રતો - વિરપુર જલારામ હોય કે બિલખાનું શેઠ સગાળશાનું સદાવ્રત હોય, ગમે તે પંથનું હોય પણ પ્રભુ તેના પ્રેમથી ખેંચાઈને જરૂર પધારે છે.

રાત્રે ભલાએ આ બંને મહાપુરુષો માટે પથારી પાથરી દીધી. નેસમાં તો શું સગવડતા હોય ? પણ ભલાએ જે ભાવથી પથારી પાથરી, તેના પર કરચલી ન દેખાય તેવી રીતે પોતાનો હાથ પ્રસરાવ્યો. તે જોઈને પ્રભુ સમજી તો ગયા કે, આને અમારું આગમન ખૂબ ગમ્યું છે. ગામડાના ભલા-ભોળા ભક્તો પાસે શબ્દોનું, ઔપચારિકતાનું શબ્દભંડોળ ભલે ઓછું હોય, પણ તેના હૃદય અદકેરા ભાવથી ભરેલા હોય છે. તેના એક એક શબ્દોમાં ભારોભાર પ્રેમ, લાગણી, ન્યોછાવર થવાની ભાવના ભરેલી હોય છે. તેનું ભોળપણ દિલ ડોલાવી દે તેવું હોય છે.

રાત્રે બંને મહાપુરુષ બાજુબાજુમાં સૂતા હતા. જ્ઞાનગોષ્ઠિએ ચડ્યા...! 'સાધુરામ ! તમે ક્યાંથી આવો છો?' બાવાજીએ પૂછ્યું.

નીલકંઠે કહ્યું, 'અમે તો ફરતા રામ છીએ. આજ અહીં તો કાલે બીજે. અમારું કોઈ નિશ્ચિત આસન હજી નથી પાથર્યું!'

બાવાજીને થયું કે, આ માળું જબરું ! દેખાય છે નાની ઉંમર પણ ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના તે કહેતા નથી. એટલે તેણે ફરીથી પ્રશ્ન ઉલાળ્યો... 'પણ સાધુરામ ! તમારું નામ શું ? અને ક્યાં જવાના ?'

'અમારું નામ આત્મા છે, અનિર્દેશ દેશથી આવ્યા છીએ અને અનિર્દેશ જગ્યાએ જવાના છીએ.' મહારાજે ઉત્તર વાળ્યો.

બાવાજી મુંઝાયા. આ માળો જબરા જવાબ આપે છે. આત્મા નામ કહે છે.

પછી પ્રભુએ પ્રશ્ન પૂછ્યો, 'મહાપુરુષ ! તમારું નામ શું ? અને તમારો આશ્રમ ક્યાં છે ?'

'સાધુરામ ! અમે ઉદાસી પંથના રામઉપાસક છીએ. અયોધ્યા શ્રીરામની નગરીમાં અમારો અખાડો છે. અમે ત્યાં જવાના છીએ. આ તો ભારત ભ્રમણ માટે, મહાપુરુષોનાં દર્શન માટે વિચરણ કરીએ છીએ.' બાવાજીએ કહ્યું.



વર્ણીએ પૂછ્યું કે, 'તમે શું વાંચો છો ? કયું શાસ્ત્ર હૃદયસ્થ છે ?'

તેના પ્રત્યુત્તરમાં બાવાજી રામાયણ ગ્રંથના માહાત્મ્યની પંક્તિ બોલ્યા...

चारवेद अरु आठ दश, करें पुराण प्रकाश ।
सजते अति उत्तम कह्यो रामाय इतिहास ॥

नीसु सदन रामायण रह की, यमकिंकर न तासु मग गहहीं ।
जो नित प्रति रामायण गावे, पुत्र पौत्र सुख संपत्ति पावै ॥

- ચાર વેદ તથા અઢાર પુરાણ સ્પષ્ટ કહે છે કે, રામાયણની કથા સર્વથી ઉત્તમ છે.

- જે ઘરમાં રામાયણ રહે છે. તે માર્ગે યમદૂતો આવતા નથી. નિત્ય જે રામાયણને ગાય તે પુત્ર, પૌત્ર તથા સંપત્તિને પામે છે.

આમ જ્ઞાનગોષ્ટિ કરતા, પડખા ફેરવતા બંને નિદ્રાધીન થઈ ગયા.

બાવાજી મુમુક્ષુ હતા. તેણે જીવનમાં એક સારી ટેવ પાડેલી. પોતે જાગતા હોય ત્યારે તો રામમંત્રનું રટણ કરતાં, પણ ઉંઘતા હોય, ઉંઘમાં પડખું ફેરવતા હોય ત્યારે પણ દિવસના રટણનો ભાવ તેની જીભ ઉપર આવી જતો અને પડખું ફેરતા 'હે રામ, હે રામ !' એમ બોલી ઊઠતા.

અડધી રાતે બાવાજી પડખું ફેરવતા અજાણતામાં બોલી ઉઠ્યા....'હે રામ!'

ત્યારે મહારાજે યોગ નિદ્રામાં જ જવાબ વાળ્યો. 'હોવ!'

બાવાજીને આ તો ઉંઘમાં ગયું.

વળી પાછી થોડી વારે બાવાજીએ 'હે રામ!'નું ઉચ્ચારણ કર્યું.

તો પ્રભુએ વળી 'હોવ' કહ્યું.

બાવાજીને થયું કે, કોઈક હોંકારો આપે છે. પછી ફરીવાર પોતે જ્યારે બોલ્યા ત્યારે તેમણે ઈરાદાપૂર્વક ધ્યાન રાખ્યું અને 'હે રામ !' એમ બોલ્યા.

કરૂણાસાગરે વળી પાછો હોંકારો દીધો.

પછી બાવાજીનો નક્કી થયું કે, આ બાલાજોગી જ હોંકારો દેતા લાગે છે. એટલે તેણે લગભગ તુચ્છકારની ભાષામાં જ પૂછ્યું, 'હું હે રામ! બોલું છું. તો તમે સામો કેમ હોંકારો આપો છો ? તમે થોડા રામ છો ?'

મહારાજને તો આ જીવ ઉપર કરૂણા કરવી જ હતી તેથી પથારીમાં બેઠા થઈને કહ્યું, 'હા બાપજી ! અમે રામ છીએ. અમને કોઈ બોલાવે તો તમારી જેમ અમને પણ હોંકારા દેવાના હવા છે.'

આ સાંભળી બાવાજી આશ્ચર્યમાં પડી ગયા. વળી તેણે કહ્યું કે, 'અમે તો રામને બોલાવીએ છીએ.'

ત્યારે પ્રભુ કહે, 'હાં, અમે રામ જ છીએ.' એમ કહી બાપજી ઉપર કરૂણાનો વરસાદ વરસાવતા, બાવાજીની ભક્તિ, તપસ્યા, વિચરણની પૂર્ણાહુતિ કરાવતા તેમને પ્રગટ શ્રીરામચંદ્રજીરૂપે દર્શન આપ્યા. તેજતેજનો અંબાર છવાઈ ગયો.

બાવાજી તો હાકાબાકા થઈ ગયા. ભાવાવેશમાં કંઈ કળી શક્યા નહીં. આ હું શું જોઉં છું ? મને આ કોણ મળ્યા છે ? આ કોણ છે ? મારા રામ ! આ વર્ણીના વેશે આવ્યા કે શું ? મારા પર કેવી કૃપા કરી ? મને ધન્ય કરી દીધો. મારા અનેક જન્મની સાધનાનું ફળ મને મળી ગયું. મારા રામ મને મળી ગયા... તેમ ચોધાર આંસુએ રડતા રડતા હાથ જોડતા પ્રભુના ચરણમાં લેટી પ્રભુના ચરણ આંસુથી ભીંજવી નાંખ્યા.

પછી પ્રભુ બાવાજી અને ભલાનું કલ્યાણ કરી અન્ય મુમુક્ષુની ખોજમાં નીકળ્યા.

હાસ્ય લેખ

તલકચંદનું ચોકઠું

- ડો. જગદીશ ત્રિવેદી

અમારા શહેરમાં તલકચંદશેઠ નગરશેઠ કહેવાય છે અને નગરશેઠ હોય એટલે અમીર તો હોય જ, કારણ કે સંપત્તિ માણસને હોદ્દા સુધી સરળતાથી પહોંચાડે છે. માણસ પાસે જેમ સંપત્તિ વધી તેમ તે આડો ફાટવા માંડે છે. મેદસ્વી શરીરના આ સર્વમાન્ય નિયમ મુજબ તલકચંદ શેઠ પણ મદનિયા જેવા થઈ ગયા છે. એ જેટલા ઊભા છે એટલા જ આડા છે.

શેઠમાં અધમણનું માથું, વાળના ગુચ્છાવાળા કાન, ડુંગળીના દડા જેવી આંખો, ઘોલર મરચા જેવું નાક, દાઝી ગયેલા પૂડલા જેવા ગાલ, હાથીની સૂંઢ જેવા હાથ, ફળિયા જેવી ફાંદ, એક મુઠ્ઠી બાજરો સમાય એવી દૂંટી, ઢોલિયાના પાયા જેવા પગ અને શેઠને પાછળથી જુઓ તો બે ઊંધાં નગારાં બાંધીને ચાલ્યા જતા હોય એવું લાગે. આવું ભારેખમ શરીર શેઠે બે કારણથી મેળવ્યું હતું : એક તો ભોજન પ્રત્યેની અનહદ પ્રીતિ અમે બીજું શરીરને જરા પણ શ્રમ આપવા અંગેની અનહદ અરુચિ. નોકર પાસે કરાવી શકાય એવાં તમામ કામ શેઠ કરાવી લેતા, જે કામ માણસે જાતે કરવાં પડે તે જ કમને કરતાં હતાં.

એક દિવસ તલકચંદ શેઠને કૂવાના કાંઠે રડતા જોઈને મને ફાળ પડી. હું આશ્વાસન આપવાના બહાને શેઠની નજીક પહોંચ્યો અને રડવાનું કારણ પૂછ્યું તો શેઠ બોલ્યા : "મારું દાંતનું ચોકઠું કૂવામાં પડી ગયું છે."

આ સાંભળી હું પણ રડવા જેવો થઈ ગયો, કારણ કે શેઠે હજુ અઠવાડિયા પહેલાં જ પાંચ હજાર ખર્ચીને નવું ચોકઠું કરાવ્યું હતું, કારણ કે શેઠમાં આખા શરીરમાં સૌથી વધુ વપરાતું કોઈ અંગ હોય તો એમના દાંત છે અને સૌથી ઓછું વપરાતું અંગ એમનું મગજ છે.

મને તરતાં આવડતું નથી, શેઠ તરતા હોય એવો વિચાર પણ કરવો વ્યર્થ છે, એટલે હું ઓશિયાળો ઊભો હતો. એમાં એક ત્રીજો વટેમાર્ગ નીકળ્યો. એ વળી મને જોઈને ઊભો રહી ગયો. મને પનઘટ પર પધારવાનું કારણ પૂછ્યું, એટલે મેં કહ્યું : "શેઠનું ચોકઠું કૂવામાં પડી ગયું છે એટલે અમે ઊભા છીએ."

પેલાએ મને કહ્યું : "તલકચંદ શેઠનું ચોકઠું પડે જ કઈ રીતે ?" આ સાંભળી શેઠે જવાબ આપ્યો : "આ વરસે વરસાદ ખૂબ પડ્યો છે, કૂવામાં ખૂબ જ પાણી આવ્યું છે, તેથી પાણી જોઈને રાજી થયો. ગમે તેમ તોય નગરશેઠ છું, રાજી થયો એટલે દાંત કાઢ્યા, પણ દાંત કાઢવામાં ખરેખર દાંત નીકળી ગયા ! બસ, ત્યારથી ઊભો-ઊભો રડું છું."

પેલાએ મને કહ્યું : "તલકચંદ શેઠનું ચોકઠું હોય તો એક જ મિનિટમાં કાઢી દઉં." એટલે મેં તરત જ કહ્યું : "લાવો, તમારાં કપડાં હું પકડી રાખું." એટલે પેલો કહે : "મને ક્યાં તરતાં આવડે છે ?"

મેં કહ્યું "ભાઈ ! તમને પણ તરતાં આવડતું નથી તો પછી કૂવાનાં તળિયેથી ચોકઠું કેવી રીતે કાઢશો ? બધું પાણી સુકાઈ જાય પછી ?"

પેલો કહે : "ના, અત્યારે જ કાઢી દઉં. તમે ગરમાગરમ ગાંઠિયા, તળેલાં મરચાં અને ચોખ્ખું ઘી લગાડેલા ખાખરા લઈ આવો."

હું તો દોડાદોડ ગયો અને ગાંઠિયા, મરચાં અને ખાખરા લઈ આવ્યો. પેલા અનુભવીએ કૂવાના પાણીમાં ગાંઠિયા, મરચાં અને ખાખરાં નાખ્યાં. તળિયે પડેલા ચોકઠાએ જેવા પાણી ઉપર ગાંઠિયા ને ખાખરા જોયા કે ચોકઠું ઊર્ધ્વ ગતિ કરીને એની મેળે પાણીની સપાટી ઉપર આવી ગયું. પાણી એક હાથ જેટલું જ દૂર હોવાથી પેલાએ હાથ લંબાવીને ચોકઠું પકડી લીધું.

એક જ અઠવાડિયામાં તલકચંદ શેઠે દાંતનાં ચોકઠાને ગાંઠિયા, મરચાં અને ખાખરાની એવી ટેવ પાડી દીધી હતી કે એ ત્રણને જુએ એટલે ચોકઠું મોઢાની બહાર હોય તોપણ ચાવવા માંડે !

આ વાત ભલે કાલ્પનિક છે, પણ મારે વાચકોને એટલું જ કહેવું છે કે પાણીની સપાટી પર ગાંઠિયા જોઈને નિર્જીવ ચોકઠું જો ઊર્ધ્વ ગતિ કરી શકે તો જગતમાં કોઈની મજબૂરી જોઈને સજીવ હૃદય મદદ ન કરી શકે ?

મજબૂરીમાં કરેલી મદદ હંમેશા લેખે લાગે છે. કદાચ લેખે ન લાગે તો પણ આત્મસંતોષ જેવું બીજું કોઈ સુખ નથી.

સમાચાર દર્શન

પંચમ પાટોત્સવ - વીરપુર

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની પ્રસન્નતા સાથે સાકાર થયેલ ધારી પાસેના વિરપુર ગામમાં આજથી પાંચ વર્ષ પહેલા બે મંદિરો નિર્માણ પામ્યા. ભાઈઓ તથા બહેનોનાં મંદિરનો ધામધૂમથી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. એ અવસરને પાંચ વર્ષ પૂર્ણ થતા સમસ્ત ગ્રામજનોએ શ્રી ઘનશ્યામ મહારાજનો પંચમ પાટોત્સવ તારીખ ૧૦ થી ૧૪ મે ૨૦૨૩ દરમિયાન ખૂબ જ ધામધૂમથી ઉજવ્યો.

પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીની પાવન નિશ્રામાં ઉજવાયેલ આ પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ વ્યાસાસને બિરાજી શ્રીજી મહારાજના ચરિત્રોનું ગાન કર્યું હતું. સાથે સાથે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'વીરપુર ગામ રળિયામણું ગામ છે. અહીંના ભક્તો ખૂબ સંપથી દરેક કાર્યમાં જોડાય છે, માટે જ ગામમાં અનેક વિકાસના કર્યા થઈ શક્યા છે અને થઈ રહ્યા છે. થોડા જ વર્ષોમાં ગામનો વિકાસ ખૂબ અદ્‌ભુત થયો છે. સમસ્ત ગુજરાત તથા ભારતના ગામડાઓમાં વસતા લોકો વીરપુર ગામ પાસેથી પ્રેરણા લઈ શકે એ રીતે અહીં કાર્ય થઈ રહ્યું છે.

ખાસ કરીને આ ગામમાં બહેનોનો સત્સંગ ખૂબ સારી રીતે વિકસ્યો છે. સાંખ્યયોગી ભારતીબેનની નિશ્રામાં બહેનોના સત્સંગનું ખૂબ પોષણ થઈ રહ્યું છે. નાના નાના બાળકો તથા યુવાનોમાં સંસ્કારનું સિંચન થતું જોઈ ખૂબ આનંદ થાય છે.'

પંચદિનાત્મક આ મહોત્સવમાં પોથીયાત્રા, ઘનશ્યામ મહારાજ જન્મોત્સવ, રાસોત્સવ, છાબયાત્રા, પક્ષાભિષેક, જલયાત્રા, ડાયરો, રાજોપચાર પૂજન, અન્નકૂટ મહોત્સવ જેવા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. મહોત્સવ દરમિયાન ધામધામથી સંતોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ખાસ કરીને પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા કુંડળથી પરમ પૂજ્ય સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામીએ પધારી કથાવાર્તાનો લાભ આપી ભક્તોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે વીરપુર ગામના ભક્તોએ ખૂબ પુરુષાર્થ કર્યો હતો. સર્વએ તન-મન-ધનથી સહયોગ આપી આ મહોત્સવને ખૂબ સારી રીતે સંપન્ન કરવા દરેક વિભાગોમાં રાત્રિ-દિવસ સેવાઓ કરી હતી.

શ્રીમદ્ ભાગવત કથા - જૂનાગઢ

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુણાતીત સંત દ્વારા સોરઠની ધરતી ખૂબ પાવન થઈ છે. આમ તો સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રાગટ્યભૂમિ જ ગરવા ગિરનારની ગોદ રહી છે. એમાં પણ જૂનાગઢ તો પુરાણું તીર્થ છે. અહીં સ્વયં શ્રીહરિએ સ્વહસ્તે રાધારમણદેવ, રણછોડ-ત્રિકમરાય, સિદ્ધેશ્વર મહાદેવ પધરાવી કલ્યાણનું સદાવ્રત ખોલ્યું છે. આવા પવિત્ર ધામને ૧૯૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે SGVP ગુરુકુલ પરિવાર દ્વારા ૧૯૫માં પાટોત્સવ નિમિત્તે અનોખું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૫ થી ૧૧ મે, ૨૦૨૩ દરમિયાન પાટોત્સવ અંતર્ગત અનેકવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. જેમાં શ્રીમદ્ ભાગવત કથા, ૧૯૫ કલાકની અખંડ ધૂન, રાજોપચાર પૂજન, સર્વરોગ નિદાન કેમ્પ, ફલકૂટ, અન્નકૂટ, મહાભિષેક, ગોળની હાટડી, ચપ્પલ વિતરણ જેવા આયોજનોથી દેવસેવાની સાથે સાથે દરિદ્રનારાયણની સેવા કરાઈ હતી.

દેવોનો ૧૯૫મો પાટોત્સવ હોવાથી મહોત્સવ પૂર્વે ૧૯૫ કલાકની અખંડધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જૂનાગઢ મંદિરમાં હતા ત્યારે અનેકવાર અખંડધૂનના આયોજનો કરતા. એ સ્મૃતિને તાજી કરી આઠ દિવસની ધૂનમાં જૂનાગઢ દેશના વિવિધ ગામોમાંથી હરિભક્તોએ પધારી ધૂનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી શ્રીમદ્ ભાગવતની કથાનું રસપાન કરાવ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ પોતાની વિદ્વત્તાસભર વાણી દ્વારા ભાગવતની

કથાના રહસ્યોને ઉજાગર કરી અદ્‌ભૂત કથાપ્રવાહ વહાવ્યો હતો. કથા અંતર્ગત શ્રીરામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધનલીલા, રૂક્મણી વિવાહ જેવા પ્રસંગોને ખૂબ જ ધામધૂમથી ઉજવ્યા હતા.

રાધારમણદેવનું સાંનિધ્ય અને ગુણાતીત બાગમાં કથા કરવાનો ઉત્તમ લહાવો મળવાની પ્રસન્નતા પ્રગટ કરતા પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણની આ વિચરણભૂમિ છે. અહીં ગુણાતીત ગુરુઓએ સંતો-ભક્તોને સર્વોપરી ભગવાન શ્રીહરિના સ્વરૂપનું અમૃતજ્ઞાન પીરસ્યું છે. આ ભૂમિમાં પર્વતભાઈ જેવા બ્રહ્મનિષ્ઠ ગૃહસ્થો અને અનેક સાક્ષાત્કારી સંતો પાક્યા છે. રાધારમણ દેવ અને હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં રહીને સાધારણ જીવ દેહાતીત અવસ્થાને પામ્યા હતા. આ સ્થાનમાં અમારી વાણી પાવન થઈ છે. યજમાન ગોવિંદભાઈ બારસિયાએ ખરેખર આ પ્રસંગે સેવાનો લાભ લઈ પોતાનું મોક્ષકાર્ય સાધી લીધું છે. એમની ગુરુકુલ અને સંતો પ્રત્યેની નિષ્ઠા અજોડ છે. એમના પરિવારમાં પણ એ સંસ્કારોનું સિંચન થયું છે તેથી અત્યંત પ્રસન્ન થવાય છે.

ખાસ કરીને દેવોના પાટોત્સવ પ્રસંગે વડતાલ પીઠાધીપતિ ધર્મધુરંધર આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, લાલજી મહારાજ તથા ગાદીવાળા માતુશ્રીએ પધારી મહોત્સવને કળશ ચડાવ્યો હતો. પાટોત્સવ પ્રસંગે વિવિધ ઔષધિદ્રવ્યો, ફળોના રસ, કેસર-ચંદન લેપ તથા વિવિધ દ્રવ્યો દ્વારા પૂજ્ય મહારાજશ્રી, લાલજી મહારાજ, પૂજ્ય સ્વામીજી તથા સંતોએ સાથે મળી દેવોના અભિષેકનાં દર્શન કરાવ્યા હતા.

આ સાથે દેવોને ભવ્ય અન્નકૂટ ધરાવાયો હતો, જેનો પ્રસાદ દરિદ્રનારાયણને વહેચવામાં આવ્યો હતો. ઉપરાંત હજાર જોડી ચપ્પલનું વિતરણ જૂનાગઢ શહેરમાં વસતા દરિદ્રનારાયણને કરવામાં આવ્યું હતું. પાટોત્સવ અંતર્ગત વિદ્વાન પંડિતોએ દેવોનું દિવ્ય-ભવ્ય રાજોપચાર પૂજન કરાવ્યું હતું.

આ પ્રસંગે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, લાલજી મહારાજે સભામાં ઉપસ્થિત રહી દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો. પૂજ્ય મહારાજશ્રીએ જૂના સંતો અને ભક્તોના દાખડાને સંભારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતોને સાચવી રાખવાની તથા સત્સંગના બગીચાનું પોષણ કરતા રહેવાની પ્રેરણા આપી હતી. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ સાતેય દિવસ ઉપસ્થિત રહી અલભ્ય લાભ આપ્યો હતો. વડતાલ, ધોલેરા, ગઢપુર વગેરે ધામોમાંથી મોટી સંખ્યામાં સંતોએ પધારી યજમાનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

આ દિવ્ય આયોજનમાં ગુરુકુલના નિષ્ઠાવાન સેવક અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર ભક્ત ગુંદાસરા નિવાસી હરદાસભાઈ બારસિયાના પરિવારે યજમાન તરીકે લાભ લીધો હતો. ખાસ કરીને ગોવિંદભાઈનું સમર્પણ, સમજણ અને નિષ્ઠાના કારણે આવું અદ્‌ભૂત આયોજન જૂનાગઢને આંગણો યોજાયું હતું.

પૂજ્ય મહારાજશ્રી, પૂજ્ય સ્વામીજી તથા સંતોએ ગોવિંદભાઈ બારસિયા તથા એમના સુપુત્રો - અજય, વિપુલ, ભાઈઓ - ભીમજીભાઈ, કાનજીભાઈ, રમેશભાઈ, પરષોત્તમભાઈ વગેરે સમસ્ત પરિવારને રાજીપા સાથેના શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

સત્સંગ બાલશિબિર-૨૦૨૩

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (**SGVP**) ખાતે વેકેશન દરમ્યાન તારીખ ૧૪ થી ૧૬ મે, ૨૦૨૩ દરમિયાન બાલ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયેલ આ શિબિરમાં બાળકોએ અનેક પ્રકારના આયોજનોમાં ભાગ લઈ સત્સંગ સાથે શિક્ષણના સંસ્કાર મેળવ્યા હતા.

શિબિર દરમિયાન સંતો દ્વારા બાળકોને સત્સંગની રીત દંડવત, પૂજા, વંદન, શાસ્ત્રવાચન, યોગ, પ્રાણાયામ તથા માતા-પિતાની સેવા, વડીલોને આદરભાવ વગેરે સંસ્કારલક્ષી કેળવણી આપવામાં આવી હતી. એ ઉપરાંત બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવતી વક્તૃત્વ સ્પર્ધા, એક પાત્રીય અભિનય, નૃત્ય, જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. ઉપરાંત કેમ્પસમાં રહેલી સ્વીમીંગ, હોર્સ રાઈડીંગ, ક્રિકેટ, ફૂટબોલ વગેરે રમતોના મેદાનોની સુવિધાઓના ઉપયોગ દ્વારા બાળકોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. આ શિબિરમાં પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ બાળકોને હળવી શૈલીમાં વાર્તાઓ દ્વારા બોધ આપ્યો હતો તેમજ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બાળકોને ઈનામ અર્પણ કર્યાં હતાં. આ શિબિરનું તમામ આયોજન શાસ્ત્રી શ્રી દર્શનપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય સર્વમંગલદાસજી સ્વામી તથા નાના સંતોએ કર્યું હતું. સંતો સાથે વ્યવસ્થાપનમાં ગુરુકુલના વિદ્યાર્થીઓ તથા હરિભક્તો જોડાયા હતા.

દરિદ્રનારાયણની સેવા

ઉનાળો મધ્યભાગે પહોંચ્યો છે અને પોતાનું રુદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે. આવા આકરા તાપમાં ઘરની બહાર નીકળવું દુષ્કર બની રહ્યું છે, ત્યારે જે લોકો રોડ ઉપર જ રહે છે અને પગમાં પહેરવા પગરખા શુદ્ધા નથી તેવા બાળકો, સ્ત્રી-પુરુષો ઉપર શું વીતતી હશે તે તો અનુભવ કરનાર જ જણાવી શકે ? આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ દરિદ્રનો જોઈ દ્રવી જતા અને એમની દરિદ્રતા દુર કરતા. ત્યારે ઉનાળાના આ આકરા તાપમાં રોડ ઉપર ખુલ્લા પગે ફરતા લોકોને થોડી પણ રાહત મળે એવા હેતુથી પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ચપ્પલ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તારીખ ૧૪ મે ના રોજ અમદાવાદ, રીબડા-રાજકોટ, દ્રોણેશ્વર ખાતે સ્વયંસેવકોએ ગલીગલીએ ફરી, ખેતરોમાં જઈને દસ હજાર ઉપરાંત જોડી ચપ્પલ દરિદ્રનારાયણના પગમાં પહેરાવી અમૂલ્ય સેવાનો લાભ લીધો. સંતો-ભક્તોની આ સેવાથી શ્રીજી મહારાજ અવશ્ય રાજી થયા હશે !

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી ननुભાઈ વલ્લભભાઈ સાવલિયા :- ગામ પીપરિયા નિવાસી પ.ભ. શ્રી ननુભાઈ સાવલિયા ૨૧ એપ્રિલના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે જોડાયેલા ननુભાઈ ખૂબ સારા ભક્ત હતા. ભગવાન શ્રીહરિ ननુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર પ્રવિણભાઈ, ભાવેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વશરામભાઈ ઠાકરશીભાઈ પટેલ :- ગામ મેઢા, હાલ અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી વશરામભાઈ પટેલ ૧૫ એપ્રિલના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. વશરામભાઈનો પરિવાર ગુરુકુલ સાથે ખૂબ સારી રીતે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ વશરામભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા મનિષભાઈ, પવનભાઈ, અજયભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ શ્રી ખીમજીભાઈ વરસાણી :- ગામ મીરજાપુર, હાલ લંડન નિવાસી ખીમજીભાઈ વરસાણી અક્ષરવાસી થયા છે. ઈષ્ટ લંડન ખાતે આવેલ મંદિરમાં ખીમજીભાઈએ ખૂબ સેવાઓ કરી હતી. ખૂબ સારા ભક્ત અને નિર્માની સ્વભાવવાળા ખીમજીભાઈનું સમર્પણ અજોડ હતું. સંતો તથા શ્રીહરિમાં અપાર હેતવાળા ખીમજીભાઈના અક્ષરવાસથી એક અદના સેવકની ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ શ્રી ખામજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ શ્રી મનજીભાઈ લાલજીભાઈ હિરાણી :- ગામ કેરા નિવાસી મનજીભાઈ હિરાણી તા. ૧૪ મે ના રોજ અક્ષરવાસી થયા છે. મનજીભાઈ તથા એમને પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. આ પરિવારની સેવા પણ ખૂબ રહી છે. ભગવાન શ્રીહરિ શ્રી મનજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા મૂપજીભાઈ, મેઘજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કરશનભાઈ નરસિંહભાઈ ભંડેરી :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પરિવારના કરશનભાઈ ભંડેરી ૬ મેના રોજ અક્ષરવાસી થયા છે. આ આખો પરિવાર ખૂબ સત્સંગ અને સંસ્થાની ખૂબ સેવા કરે છે. ભગવાન શ્રીહરિ કરશનભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સુપુત્ર હરિકૃષ્ણભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

પ.ભ. શ્રી પ્રેમ પરેશભાઈ પટેલ, મોરબી
પ.ભ. શ્રી રીધમ શીંગાળા, બગસરા
પ.ભ. શ્રી અભિષેક બારૈયા, મોરબી
શ્રી પ્રિતીબેન જયેશભાઈ શેઠ, મુંબઈ
પ.ભ. શ્રી હિતેશભાઈ રૈયાણી, અમદાવાદ
પ.ભ. શ્રી વિજયકુમાર આરકોટ, પુણે
પ.ભ. શ્રી ગોવિંદભાઈ ગણેશભાઈ પટેલ, પાટણ
પ.ભ. શ્રી સંજયભાઈ એમ. પ્રજાપતિ, અમદાવાદ
પ.ભ. શ્રી હરિશભાઈ કણઝરીયા, અમદાવાદ
પ.ભ. શ્રી આશિષભાઈ ભોગીલાલ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ડો. મિતુલ વિનોદચંદ્ર ઠક્કર, અમદાવાદ

આગામી આયોજન

તા. ૧૪/૦૬/૨૩, બુધવાર : **યોગિની એકાદશી** : કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૨૦/૦૬/૨૩, મંગળ : **રથયાત્રા** : મેમનગર ગુરુકુલથી પ્રારંભ. બપોરે ૨:૦૦ કલાકે
તા. ૨૭/૦૬/૨૩, મંગળ : **હરિજયંતી** : સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ
તા. ૨૯/૦૬/૨૩, ગુરુવાર : **દેવશયની એકાદશી** : કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

sgvpholistichospital.org

SGVP નો એક જ સૂર

ALLOPATHY AYURVEDA

SGVP HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया

બધા ખુશ રહે અને સહુના સ્વાસ્થ્ય સારા રહે

તમારા **ઘૂંટણની** ઉત્તમ સારવાર રોબોટિક ટેક્નોલોજીથી

રોબોટિક્સ TKR અને માઇક્રોપ્લાસ્ટીના ફાયદા

સલામત સર્જરી
ઓછો બ્લડલોસ
શ્રેષ્ઠ પરિણામ
ઝડપી રીકવરી ટાઈમ
પ્રિસાઇઝ ની-રિપ્લેસમેન્ટ

ડો. કાર્તિક શુક્લ

MS-ORTHO (GOLD MEDALIST)
SR. ORTHOPAEDIC AND JOINT REPLACEMENT SURGEON,
PIONEER MICROPLASTY SURGERY

DIRECTOR - ORTHOPAEDIC AND
JOINT REPLACEMENT DEPARTMENT

95122 00122

SGVP હોલિસ્ટીક હોસ્પિટલ, SGVP કેમ્પસ,
નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ

બાલ સત્સંગ શિબિરમાં પૂજ્ય સંતો સાથે બાળકો તથા પિતૃવંદના પ્રસંગે ઉપસ્થિત વાલીઓ, SGVP

SGVP ઇન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ અમેરિકાના પ્રવાસ દરમિયાન સવાનાહ ગુરુકુલ ખાતે પૂજ્ય સ્વામીજીનાં દર્શને ઉપરાંત અન્ય સ્થાનોની મુલાકાતે

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ મુકામે દેવોના ૧૯૫ માં પાટોત્સવ પ્રસંગે આયોજિત શ્રીમદ્ ભાગવત કથામાં ઉપસ્થિત
આચાર્ય મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી, પૂજ્ય સ્વામીજી, સંતો તથા યજમાન ગોવિંદભાઈ બારસિયા તથા સમસ્ત બારસિયા પરિવાર

To.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-